જીલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ
સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ
ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિધાસહાયક
મુખ્ય શિક્ષક/કેળવણી નિરીક્ષકની ભરતી
કરવાની કાર્યપધ્ધતિ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૧/૨૦૧૬/સીંગલ ફાઇલ-૬/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૧૮/૦૫/૨૦૧૬

**વંચાણમાં લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૨૫/૫/૨૦૧૦ ઠરાવ ક્રમાંક-પીઆરઇ/સીંગલ ફાઇલ ક્રમાંક-૧૧/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તારીખ ૦૫/૦૪/૨૦૧૬ તથા ૧૬/૦૪/૨૦૧૬ ક્રમાંક-પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૧૬/ક/ની સીંગલ ફાઇલ.

**આ મુ ખ :-**

સંદર્ભ-(૧) આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૨૫/૫/૨૦૧૦ ના ઠરાવથી રાજયની જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અને તમામ નગર સંચાલીત શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ માટે સ્ટાફની ભરતી કરવા તથા તેને આનુષાંગિક કાર્યવાહી કરવાની પધ્ધતિ ઠરાવેલ છે અને તેના ફકરા-(૨)માં પ્રવેશ પધ્ધતિ અને ફકરા-(૩)માં પ્રતિક્ષાયાદી અંગેની બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. સંદર્ભ-(૨) આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૨૭/૪/૨૦૧૧ના ઠરાવમાં જીલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિધાસહાયકની નિમણુંક કરવા અંગે જરુરી જોગવાઇ કરેલ છે અને તેના ફકરા-(૭) થી (૧૫)માં વિવિધ જોગવાઇઓ કરેલ છે. આ જોગવાઇઓમાં વહીવટી સરળતા રહે તે હેતુથી તે જોગવાઇઓ રદ કરીને વિધાસહાયક/મુખ્ય શિક્ષક/કેળવણી નિરીક્ષકની ભરતી કરવાની કાર્યપધ્ધતિમાં કેટલાક સુધારા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ...રા..વ...::-

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ-૧ આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૨૫/૫/૨૦૧૦ના ઠરાવના ફકરા-૨ તથા ફકરા-૩ તથા સંદર્ભ-૨ આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૨૭/૪/૨૦૧૧ના ઠરાવના ફકરા--(૭) થી (૧૫) માં દર્શાવેલ જોગવાઇઓ રદ કરવામાં આવે છે અને રાજયની જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિધાસહાયક, મુખ્ય શિક્ષક તથા કેળવણી નિરીક્ષકની ભરતી અંગે નીચે દર્શાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ જીલ્લા/નગર શિક્ષણ સમિતિ ધ્વારા મળેલ માંગણી પત્રકને સંકલીત કરી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં સંયુકત જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવાની રહેશે. ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સાથે જાહેરાતમાં ઉલ્લેખ કર્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવાની રહેશે. ઉમેદવારે નિયત અરજી પત્રક કોઇપણ જીલ્લામાં જીલ્લા/નગર શિક્ષણ સમિતિ ધ્વારા નિયત કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર જમા કરાવવાના રહેશે. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીએ અરજી ફોર્મ સ્વીકારતી વખતે અરજી ફોર્મ તથા અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે.

રાજયની સમિતિએ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓની સંર્પુણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઇ મેરીટ પ્રમાણે ઉમેદવારોની યાદી તૈયાર કરી જે તે જીલ્લા/નગર શિક્ષણ સમિતિઓના માંગણી પત્રક મુજબની જીલ્લાવાર ઉમેદવારોની મેરીટ યાદી મોકલી આપવાની રહેશે. જે તે જીલ્લા/નગર શિક્ષણ સમિતિએ તેઓને ફાળવી આપેલ ઉમેદવારોનો અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે. શિક્ષકના વ્યવસાયમાં બાધારુપ થાય તેવી કોઇપણ શારીરિક ક્ષતિ જેવી કે અંધાપો, બહેરાશ, તોતડાપણુ, હલનચલનમાં તકલીફ કે કાળા પાટીયા પર લખવા વગેરેમાં તકલીફ ધરાવતો નથી તે બાબતની ચકાસણી માટે રુબરુ મુલાકાતમાં બોલાવી કેમ્પ યોજીને ગુણાનુક્રમ અનુસાર નિમણુંક હુકમો આપવાના રહેશે.

(૨) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ જાહેરાતમાં દર્શાવેલ તમામ જગ્યાઓ ભરાઇ (ઉમેદવાર હાજર થાય)ગયા બાદ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે.

ઉ.દા. તરીકે

ગુજરાતી વિષયની કુલ-૧૦૦ જગ્યા છે. સમિતિએ કક્ષાવાર ૧૦૦ ઉમેદવારોને જગા ફાળવી આપી પરંતુ તેમાંથી ૨૦ ઉમેદવાર હાજર થતા નથી. તેથી બાકી રહેતી યાદીમાંથી પ્રથમ ૨૦

ઉમેદવાર ફાળવી આપતા તેમાંથી ૦૫ ઉમેદવાર હાજર ન થાય તો ફરી ૦૫ ઉમેદવાર ફાળવી આપવા. આમ કુલ જગ્યાઓ ભરવા માટે ક્રમશઃ નીચે ઉતરી કુલ જગાઓ ભરાયા (ઉમેદવાર હાજર થાય)બાદ ૨૦ ટકા પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે. આ પ્રતિક્ષાયાદી જાહેરાતમાં દર્શાવેલ જગ્યા ખાલી પડે તેના માટે જ ઉપયોગમાં લઇ શકાશે. નવી ઉભી થતી અન્ય જગ્યાઓ જેમ કે ખાલી પડતી જગ્યા વગેરે માટે ઉપયોગમાં લઇ શકાશે નહીં.

પ્રતિક્ષા યાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમયમર્યાદા પુર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

જીલ્લા/નગર શિક્ષણ સમિતિની માંગણી મુજબ કેટેગરી વાઇઝ તૈયાર કરેલ પ્રતિક્ષા યાદીમાંથી ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સમિતિએ નીચે (૧) થી (૩) માં દર્શાવેલ સંજોગોમાં ઉમેદવારોના નામોની ભલામણ કરવાની રહેશે બીજા જીલ્લામાં ફાળવાયેલ ઉમેદવારને કોઇ સંજોગોમાં રીસફલીંગ કરી આપવામાં આવશે નહીં.

(I) સંબંધીત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉંમર વિષયક/શારીરિક યોગ્યતા/સક્ષમ સત્તાધિકારીએ જાતિ વિષયક પ્રમાણપત્ર અમાન્ય ઠરાવેલ હોય/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાંતેની નિમણુંક રદ થવાની જગ્યા ખાલી પડે/રહે.

(II) સંબંધીત પસંદગી યાદીમાંથી નિમણુંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે તે કારણથી જગ્યા ખાલી પડે/રહે.

(III) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણુંક આપેલ ઉમેદવારનું મૃત્યુ અન્ય કારણોસર જગ્યા ખાલી પડે/રહે.

(૩) જે તે જીલ્લામાં વિધાસહાયકોની કુલ મંજુર થયેલી જગાઓના પ્રમાણમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ, તથા શારિરીક ખોડખાંપણની કેટેગરી માટે રાજય સરકારે સીધી ભરતી માટે નકકી કરેલ અનામતની નિયત ટકાવારી મુજબ નિમણુંક કરવાની રહેશે તથા સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવ અન્વયે માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

(૪) સા.વ. વિભાગના તારીખ-૧૧/૧૧/૨૦૧૪ના જાહેરાનામા ક્રમાંક-જીએસ/૨૦૧૪/૩૭/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨(ભાગ-૧) તથા સા.વ.વિભાગના તા. ૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સીઆરસ/૧૦૯૬/૨૨૧૩/ગ-૨/ભાગ-૧ જાહેરનામા મુજબ જે તે કેટેગરીમાં ૩૩ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે.

(૫) મેરીટ મુજબ જીલ્લા પસંદગી માટે પાત્ર ઠરતા ઉમેદવારોએ જીલ્લા પસંદગી માટે કોલ લેટર ઓનલાઇન મેળવી લેવાનો રહેશે. ઉમેદવારને ટપાલ કે અન્ય કોઇ રીત કોલ લેટર મોકલવામાં આવશે નહીં.

(૬) ઓન લાઇન જીલ્લા પસંદગીની કાર્યવાહી દરમ્યાન અસલ પ્રમાપત્રો/ગુણપત્રકોની ચકાસણી વખતે સંબંધીત ઉમેદવારના મેરીટમાં સુધારો/વધારો થાય તો તેવા ઉમેદવારોને સુધારેલા મેરીટ મુજબ તેમના સુધારેલા મેરીટ ક્રમે ઓનલાઇન જીલ્લા પસંદગી કરવાની રહેશે.

(૭) મેરીટની ગણતરી માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.
(૧) યુજીસી માન્ય યુનિવર્સીટી ધ્વારા આપવામાં આવતી ડીગ્રીઓના ગુણપત્રકમાં જે કુલ ગુણ (ગ્રાન્ટ ટોટલ) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (ઓબટેઇન માર્કસ) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહય રાખવામાં આવશે. ગુણાંકન કે પ્રાયોગીક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

(૮) ઓન લાઇન જીલ્લા પસંદગી માટે ઉમેદવારે કોલ લેટરમાં દર્શાવેલ તારીખ અને સમયે જ જીલ્લા પસંદગી માટે ઉપસ્થિત રહેવાનું રહેશે. પરંતુ કોઇપણ કારણોસર નિયત સમય કરતા મોડા આવનાર ઉમેદવારને જે દિવસે જીલ્લા પસંદગી માટે બોલાવેલ હોય તે દિવસે જીલ્લા પસંદગીની પ્રક્રિયા ચાલુ હશે, તો તે સમયે જે જગ્યા ખાલી હશે તે જગ્યાઓમાંથી જીલ્લા પસંદગીની તક આપવામાં આવશે કોલ લેટરમાં દર્શાવેલ સમયે ઉપસ્થિત નહી રહેનાર ઉમેદવારને કોઇપણ સંજોગોમાં ત્યારપછીના દિવસે જીલ્લા પસંદગીની તક આપવામાં આવશે નહીં.

(૯) જીલ્લા/નગર પસંદગીની પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવારને તેઓની પસંદગીના જીલ્લા/નગરમાં જગ્યા ખાલી ન હોવાના કારણે ઉમેદવાર તેમની પસંદગીના જીલ્લા સિવાય અન્ય જીલ્લાઓનો હકક સ્વૈચ્છિક રીતે જતો કરે તેવા ઉમેદવારને જયારે તેમના ધ્વારા પસંદ કરાયેલ જીલ્લા/નગરમાં જાહેરાતમાં દર્શાવેલ જગા પૈકી કોઇ જગા ન ભરાય/ખાલી પડે તેવા પ્રસંગે મેરીટ મુજબ કેટેગરીને ધ્યાને લઇને નિમણુંક માટે તક આપવાની રહેશે.

(૧૦) યુ.જી.સી. ધ્વારા માન્ય યુનિવર્સિટીઓની યાદી બહાર પાડવામાં આવે છે. યુ.જી.સી. ધ્વારા માન્ય યુનિવર્સિટી ધ્વારા મેળવેલ ડીગ્રી ગ્રાહય રાખવામાં આવશે પરંતુ યુ.જી.સી. ધ્વારા તા. ૨૭/૬/૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધ કરેલ અખબારી યાદી તેમજ તા. ૧૧/૭/૨૦૧૪ ના પત્ર અને તા. ૯/૯/૧૪ ના પત્રની ગાઇડ લાઇન અનુસાર ડીગ્રી મેળવેલ હશે તો જ ગ્રાહય રાખવામાં આવશે.

(૧૧) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ,ભરતીની કાર્યપધ્ધતિ અનેલાયકાતોની ચકાસણી બાબતમાં ઉમેદવારની યોગ્યતા અને પાત્રતા નકકી કરવા માટે જરુરી જણાય તેવા અર્થઘટન

અને સ્પષ્ટતાઓ કરી શકશે, પરંતુ આવી કોઈપણ સ્પષ્ટતા કે અર્થઘટન સમિતિ ધ્વારા કરવામાં આવે તો તે અંગેની બહોળી પ્રસિધ્ધિ સંબંધીત ભરતી પ્રક્રિયા પહેલા કરવાની રહશે.

(૧૨) સરકાર ધ્વારા વખતો વખત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત આપવામાં આવેલ સુચના અને શરતોને આધીન રહીને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ નિમણુંક આપવાની રહેશે.

(૨) કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયીક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

(એ) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ(ફેલ) થયા હોય અને જયારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.

(બી) જો ઉમેદવારે એક કરતા વધુ પ્રયત્નોથી કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને કોઈ વિષયમાં મુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાનેલઈ મેરીટ નકકી કરવામાં આવશે.

(સી) જો કોઈ ઉમેવારે એક કરતા વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનીવર્સીટી ધ્વારા આંતરીક ગુણાંકન અને પ્રેકટીકલની પરીક્ષા/પાઠ ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગીક પરીક્ષા/પાઠમાંમેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા ગુણાંકન કરતી વખતે આવા ગુણાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફકત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલા જ વિષયના કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરીક ગુણાંકન કે પ્રાયોગીક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

(૧૩) વિધાસહાયકોને પ્રતિમાસ રુ. ૭૮૦૦/- અથવા સરકાર વખતોવખત નકકી કરે તે પ્રમાણેનું ઉચ્ચક માનદ વેતન આપવાનું રહેશે

(૧૪) વિધાસહાયકની નોકરી માટે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની રહેશે અને વિધાસહાયક(ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ) માટે મહત્તમ વયમર્યાદા ૩૩ અને વિધાસહાયક (ધોરણ-૬ થી૮ ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ) માટે મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષની રહેશે.

(૧૫) વિધાસહાયક તરીકે નિમાયેલ ઉમેદવારની સેવાઓ પાંચ વર્ષ દરમ્યાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ પુર્ણ કરેથી જીલ્લા/મહાનગરપાલિકા/નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના મહેકમમાં પ્રાથમિક શિક્ષકના નિયમિત પગાર ધોરણ રુા. ૫૨૦૦-૨૦૨૦૦ માં ક્રમાનુસાર સમાવવાના રહેશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વખતો વખતના ઠરાવથી નકકી કરે તે મુજબ સંતોષકારક સેવાઓ નહીં જણાય તો પાંચ વર્ષ પહેલાં પણ વિધાસહાયકની સેવાઓ સમાપ્ત કરી શકાશે.

(૧૬) જે તે જીલ્લા/નગર શિક્ષણ સમિતિમાં જે તે માધ્યમની શાળાઓમાં ખાલી થતી/ઉભી થતી જગ્યાઓમાં તે માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા નિયત કરેલ ટકા સાથે પાસ કરવાની રહેશે.

સંદર્ભ-૧ આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૨૫/૫/૨૦૧૦ તથા સંદર્ભ-૨ આગળ દર્શાવેલ વિભાગના તા. ૨૭/૪/૨૦૧૧ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.આઇ. પટેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ઉ અને ટે.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)

- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેક્ટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.